# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

PHONE NO: 02622-225542/43, E-mail- vgsbardoli@gmail.com

Class : 8- B/C DATE:____________ SUBJECT :GUJARATI – 2L CH:- 1

**1. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :**

(પીંછી, સાગર, ઝાઝું, સાંકલડી, નાનકડા, દરિયા, તેજ, સભર)

(1) ટચૂકડી આ આંગળીઓમાં _______ જોર જમાવો,

(2) આ ________ પગને વેગે ભમતાં જગત બનાવો;

(3) વણદીવે અંધારે જોવા આંખે ______ ભરાવો,

(4) વણજહાજે ________ ને તરવા બળ બાહુમાં આપો;

(5) ઊગતાં અમ મનનાં ફૂલડાંને રસથી ________ બનાવો,

(6) જીવનના રંગો પ્રગટાવા ________ તમારી ચલાવો;

(6) જીવનના રંગો પ્રગટાવા તમારી _______ ચલાવો;

(7) શેરીના _______ વિશાળ રચાવો,

(8) હૈયાના ઝરણા નાનાને ________ જેવા બનાવો;

**2. નીચેનાં વિધાનોમાંથી ખરા વિધાન સામે V ની અને ખોટા વિધાન સામે X ની નિશાની કરો .**

(1) કવિ 'સુન્દરમ્' ફૂલની જેમ કરમાવાનું કહે છે. ______

(2) કવિ પોતાની નાનકડી આંગળીઓમાં ઘણું બધું જોર સ્થાપવાનું પ્રભુને કહે છે. _______

(3) દીવા વિના અંધારામાં જોવા માટે કવિ પ્રભુને આંખમાં તેજ ભરવાનું કહે છે. _______

(4) કવિ દરિયાને તરવા માટે પ્રભુ પાસે નાવ કે જહાજની માગણી કરે છે. ________

(5) કવિ જીવનમાં રંગો પ્રગટાવવા પ્રભુને પીંછી ચલાવવાનું કહે છે. _______

**નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો:**

(1) 'જીવન જ્યોત જગાવો' એટલે શું?

- જીવનજ્યોત જગાવો' એટલે જીવનમાં ઈશ્વરીય દિવ્ય પ્રકાશનો અનુભવ કરાવો.

(2) કવિ પોતાના નાનકડા પગને કેવા બનાવવા પ્રભુને પ્રાર્થના કરે છે?

- કવિ પોતાના નાનકડા પગને આખીયે દુનિયા ખૂંદી વળનારા બનાવવા માટે પ્રભુને પ્રાર્થના કરે છે.

(3) કવિ પ્રભુને આંખોમાં તેજ ભરવાનું શા માટે કહે છે?

દીવા વગર અંધારામાં પણ જોઈ શકાય તે માટે કવિ પ્રભુને આંખોમાં અલૌકિક (દિવ્ય) તેજ ભરવાનું કહે છે.

(4) કવિ પ્રભુને પીંછી ચલાવવાનું કેમ કહે છે?

કવિ પોતાના જીવનમાં રંગો પ્રગટાવવા પ્રભુને પીંછી ચલાવવાનું કહે છે.

(5) કવિ પોતાના હૃદયની સાંકડી શેરીને કેવી બનાવવા કહે છે?

કવિ પોતાના હૃદયની સાંકડી શેરીને વિશાળ રાજમાર્ગ બનાવવાનું કહે છે.

(6) 'જીવનજ્યોત' કાવ્યમાં કયો ભાવ વ્યક્ત થયો છે?

'જીવનજ્યોત' કાવ્યમાં જીવનરૂપી જ્યોતને પ્રગટાવવાની યાચનામાં નમ્રતા અને સમર્પણનો ભાવ વ્યક્ત

**આપેલા શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

(1) પર્વત, રેવા, કેવલ્ય, ક્ષમા, સીમા, હુલ્લડ

---

(2) રેવતી, રાજા, રોહિણી, રજા, રૈવતક, રંક

---

**નીચેના શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો:**

(1) પ્રભૂ – **<u>પ્રભુ</u>** (2) ટચુકડી – **<u>ટચુકડ</u>** (3) દરીયો – **<u>દરિયો</u>**

(5) બલીદાન – **<u>બલિદાન</u>** (4) દિવો – **<u>દીવો</u>** (6) વીશાળ - **<u>વિશાળ</u>**

(7) ઝાઝુ – **<u>ઝાઝું</u>** (8) ઉગતાં – **<u>ઊગતાં</u>** (9) શીખવાડો – **<u>શિખવાડો</u>**

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો:**

(1) જગાવો = __________ (2) ઝાઝું = __________

(3) પંથ = _________ (4) સાગર = _________

(5) ઉર =__________ (6) જોર = _________

(7) આભ =_________ (8) વણ = __________

**નીચેનાં વાક્યોમાંથી વ્યક્તિવાચક સંજ્ઞા નીચે ___ કરી ઓળખાવો :**

(1) રમેશ હંમેશાં બધાને હસાવતો રહેતો.

(2) દિવાળીમાં ફટાકડા ફોડવાની મજા આવે.

(3) મને જલેબી ખાવી ગમે.

(4) લીમડો આરોગ્ય માટે ફાયદાકારક છે.

(5) ફાગણ નવા નવા રંગ લઈને આવે છે.

**નીચેનાં વાક્યોમાંથી વિશેષણ નીચે ___ કરી ઓળખાવો :**

(1) રાહુલ હોશિયાર છોકરો છે.

(2) મીના સ્વાદિષ્ટ રસોઈ બનાવે છે.

(3) અમારી શાળા મોટી છે.

(4) મને ગુજરાતી ભાષા સરળ લાગે છે.

(5) અમારા આંગણામાં ઘટાટોપ ઝાડ છે.